શ્રી નવકારમંત્રનું આહ્વાન-ઘોષણા

"ताव न जायइ चित्तेण, चितिय पत्थिय च वायाए।
कायण समाढत्त, जाव न सरिओ नमुक्कारो ॥१॥"

"શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને જ્યાં સુધી સ્મર્યો નથી, ત્યાં સુધી ચિત્તથી ચિંતવેલુ, વચનથી પ્રાર્થેલુ અને કાયાથી આરંભેલુ કાર્ય સિદ્ધ થતું નથી"

નવકાર એ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ શાશ્વતો છે, શ્રીતીર્થંકરોની દેશનાની જેમ એના ઉપકારો અનંતા છે જગતમાં કોઈ પણ એવું પાપ નથી જેનો પ્રતિકાર નવકારના આશ્રયથી અશક્ય હોય નવકારના અક્ષરો કેવળ અક્ષરો જ નથી, કિન્તુ અક્ષરમયી સાક્ષાત્ દેવતાઓ-જ્યોતિપુંજો છે એનો આશ્રય લેનાર, એનું વિધિ-પૂર્વક શ્રવણ કે

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

પ્રકાશક-
શા ઉત્તમલાલ ત્રિભુવનદાસ
ઠે વીરચંદ દીપચંદની હવેલી
અમદાવાદ

મુદ્રક-
ચંદ્રકાન્ત ર શાહ (બીકોમ)
રાધાકૃષ્ણ પ્રીટીંગ પ્રેસ
કાકડીઓળી માણેકચોક
અમદાવાદ

વિ સં ૨૦૧૩
ઇ સ ૧૯૫૭

શ્રી નવકારમંત્રનું આહ્વાન-ઘોષણા

'ताव न जायइ चित्तेण, चिंतिय पत्थिय च वायाए।
काएण समाढत्त, जाय न सरिआ नमुक्कारो ॥१॥"

"શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને જ્યાં સુધી સ્મર્યો નથી, ત્યાં સુધી ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય સિદ્ધ થતું નથી"

નવકાર એ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ શાશ્વતો છે, શ્રીતીર્થંકરોની દેશનાની જેમ એના ઉપકારો અનંતા છે જગતમાં કોઈ પણ એવું પાપ નથી જેનો પ્રતિકાર નવકારના આશ્રયથી અશક્ય હોય નવકારના અક્ષરો કેવળ અક્ષરો જ નથી, કિન્તુ અક્ષરમયી સાક્ષાત્ દેવતાઓ-જ્યોતિ પુંજો છે એનો આશ્રય લેનાર, એનું વિધિ-પૂર્વક શ્રવણ કે

સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત છે

નવકારની એ પ્રતિજ્ઞા છે કે-'મારો આશ્રય લેનાર કોઇ પણ હોય, તેના સર્વ પાપોનો મારે સમૂલ નાશ કરવો' આ પ્રતિજ્ઞાને જૂઠી પાડનાર આજ સુધી કોઈનીકળ્યુ નથી, એને જૂઠી પાડવાનો પ્રયાસ કરનાર પોતે જૂઠો પડે છે

નવકારની બીજી પ્રતિજ્ઞા એ છે કે-મારા આશ્રયને લેનારનો આશ્રય સર્વ કોઇને લેવો પડે છે દુનિઆમા જેટલા શુભ અને શ્રેષ્ઠ, સજીવ કે નિર્જીવ પદાર્થો છે તે સઘળા નવકારના દાસ છે નવકારની આ બીજી પ્રતિજ્ઞા છે અને તે ટકશાળી છે એની સત્યતાની કસોટી કરવા માટે નવકારનુ સમગ્ર વિશ્વને આમ ત્રણ છે

વિશ્વની સામે નવકારનુ આહ્વાન છે-

જાહેર ઉદ્‌ઘોષણા છે ઉઠો, જાગો અને નવ
કારના આહ્‌વાનનો હર્ષપૂર્વક સ્વીકાર કરો!

- લેખક -
પ પૂ પ યાસજી
શ્રી ભદ્રકરવિજયજી ગણી

"यस्योपसर्गा स्मरणात् प्रयान्ति
विश्व यदीयाश्च गुणा न मान्ति ।
यस्याङ्गलक्ष्म्या कनकस्य कान्ति,
मद्धुस्य शान्ति स करोतु शान्ति ॥



આમુખ

સ્વાનુભવથી સમજાય તેવી વાત છે કે જગતમા ખરેખર! ઉપકારી હોય તો એક જ શ્રી જૈનશાસન છે તેનુ શરણુ પામીને આત્મા અનતી દુ ખની બેડીઓના બધનો તોડી અજરામર બને છે, અનતા સુખનો ભોગી બને છે આવુ શાસન પામવુ એ અતિ દુર્લભ છે, તે માટેનો મનુષ્યભવ પણ જ્ઞાનીઓએ દશ દષ્ટાન્તે દુર્લભ વર્ણવ્યો છે આવી અણમોલ સામગ્રી પામીને પણ મોહને વશ પડેલા ઘણા જીવો તેને વ્યર્થ ગુમાવે છે, દુરુપયોગ કરી પોતાના ભાવિ દુ ખોને સર્જે છે થીમતને પોતાને પ્રાપ્ત થએલી સપત્તિની કિંમત તે કાળે સમજાતી નથી, પણ દરિદ્રને કે અશુભ કર્મોદયે લક્ષ્મી ગુમાવે

તેટલી જ તેની પ્રાપ્તિ અને સેવા દુર્લભ છે
માત્ર જૈન કુળમા જન્મ લેવાથી કે તેના
કુળાચારો પાળવા માત્રથી જીવને એ શાસનનુ
ફળ મળી જતુ નથી, કિન્તુ તેને સમર્પિત
થવુ પડે છે અને તેની ખાતર સગવડ કે
સાનુકૂળતાને તિલાજલિ આપવી પડે છે એ
સામાન્ય મનુષ્યથી શકય નથી, તેને માટે
સત્ત્વ-શુદ્ધઆત્મવીર્ય જોઇએ છે આવુ વીર્ય
પ્રગટાવવા ગમે કે ન ગમે તો પણ ઓષધની
જેમ શ્રદ્ધા રાખી વીતરાગની આજ્ઞાને
અનુસરવુ જોઈએ એ સુનિશ્ચિત છે કે
શ્રદ્ધાથી સેવેલુ પણ ઓષધ કદાચ નિષ્ફળ
જાય પણ શ્રીવીતરાગની આજ્ઞાનુ પાલન
નિષ્ફળ થતુ નથી, જીવ ન સમજી શકે તેવી
રીતે તે જીવની આતરશુદ્ધિ કરે છે અને
પછી તો ઉત્તરોત્તર એને શાસનની સેવામા-

સેવનથી જીવનું મરણ સુધરવાનો અચૂક સંભવ છે જોઇએ પોતામાં વીતરાગના વચનોની શ્રદ્ધા અને આરાધનાનું મત્ત્વ!

જો કે અનેક ભાગ્યવંત આત્માઓ આ શાસનની આરાધના કરી સુખ પામી ગયા છે, તેમના ઘણા દૃષ્ટાન્તો જૈનશાસનનો જ્વલંત ઉપકાર સમજાવી શકે તેવા છે, તો પણ આમાં મુનિ શ્રી અરૂણવિજયજીના જીવનનું આલંબન લેવામાં આવ્યું છે, તેના બે કારણો છે-એક તો તેમની અંતિમ આરાધના જોયા પછી આવું કંઈક લખવા સ્ફૂરણા થઈ અને બીજું તેઓનો અને મારો ગૃહસ્થાવસ્થાથી સંબંધ તેમના જીવનમાં હું કેટલો સાથીદાર બન્યો તે તો હું જાણુતો નથી પણ મારા જીવનમાં તેઓનો ઉપકાર ઘણો છે એથી યત્કિંચિત્ ઋણમુક્તિના લક્ષ્યથી પણ તેઓના

એ શાસનમાં જન્મ લેવો એ કુદરત બની નિશા જ છે, જન્મ્યા છતાં તેને ઓળખવું, ઓળખ્યું કે પચાવ્યું તે પણ સ્હેલું નથી, ઉત્તરોત્તર વધુ જ દુષ્કર છે હા, યોગ્ય જીવોને તે અશક્ય તો નથી જ એક સામાન્ય કથામાં જ મહેનતો આ. મા પણ જૈન શાસનની આરાધનામાં લાગી જાય તો ઉપર જણાવેલા દુઃખોના અતિ આક્રમણ આક્રમણો વચ્ચે પણ શાન્તિને અનુભવતો એ દુઃખો ઉપર પણ શક્ય વિજય મેળવે છે, અને એમ કરતા ક્રમશ સંપૂર્ણ વિજેતા પણ બને છે એવા વિજેતાઓ ભૂતકાળમા અનંતા થઈ ગયા છે, આજે પણ પુણ્યશાળી આત્માઓ તે વિજયને માપી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંતા સાધશે

અહીં અજ્ઞાનપણાથી કોઈને પ્રશ્ન થાય

કિન્તુ આર્ય દેશમા, ઉત્તમ કુળમા, ઉત્તમ જાતિમા, દીર્ઘ આયુષ્યવાળો, પાચે ઇંદ્રિયો મન વિગેરેથી પૂર્ણ શરીરવાળો અને જૈન શાસનની આરાધનાની સામગ્રીવાળો હોય તો ઉપકાર કરી શકે છે, અને તેથી જ એવો જન્મ પામનારને જગત્ પુણ્યવાન-ભાગ્યવાન તરીકે માને છે અને દેવો પણ પ્રશસે છે

આવા માનવભવને પામીને જીવનુ કાઇ કર્તવ્ય હોય તો ગૃહસ્થજીવનમા રહીને કે સાધુતા (સ યાસ) સ્વીકારીને પણ અજ્ઞાન મોહનો નાશ કરવાનુ એક જ કતવ્ય છે, અને તે માટે જ વીતરાગના વચનોને પણ સમજ વાના છે એ સિવાય પ્રાપ્ત માનવ જીવનની કે સુખ સાહ્યબી યા ધર્મ સામગ્રીની કોઇ વિશિષ્ટતા નથી માનવભવ પામીને પણ જીવ મોહ-અજ્ઞાનને વશ બની અનાદિ નાચ

નાખ્યા જ કરે તો તે માનવજન્મની વિડંબના છે એવું કરનારો વાસ્તવમાં દેખતો છતાં અંધ, જ્ઞાની છતાં અજ્ઞાની, નિરોગી છતાં રોગી શ્રીમંત છતાં દરિદ્ર પંડિત છતાં મૂર્ખ બાળ છતાં રંક કે સમર્થ છતાં નામર્દ-દીન છે

માનવ જન્મ એટલે ભવિષ્યના જન્મોને રોકવા માટેનું કારાધામ? માનવ જન્મ એટલે અજ્ઞાનનો પડદો હટાવી મોહની અનાદિ વિડંબનાઓને ઓળખી તેમાંથી છૂટવા માટે મોહ સામેનું રણમેદાન! માનવજન્મ એટલે હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ વિગેરે પાપોને કરાવનારા વિષય કષાયોના કચરાને સાફ કરવા માટેનું સમરાંગણ! એમ એને કેટલી ઉપમાઓ આપી શકાય? માનવ જન્મ એટલે આત્માની સુખ સાધના માટેનું સર્વસ્વ!!!

આવા અમૂલ્ય-દુર્લભ ભવને પામીને જીવોને યથાશક્ય આત્મસુખ સાધવા માટેનું

સમજાવતી તેઓના જીવનની ટુકી નોધ, તે પછી એ આરાધનામા તેઓને કયા નિમિત્તો ઉપમારક થયા તે જણાવતુ અતકાળે જીવ નમા સહાય કરનાર થોડુ આત્માનુ ભાતુ, અને છેલ્લે જૈન શાસનના આરાધક જીવોના યોગ કથાનકો, એમ ત્રણ વિભાગમા આ લેખને સમાપ્ત કર્યો છે આત્મ કલ્યાણના અર્થી ભવ્ય જીવો તેનો યથાશકય સદુપયોગ કરી આ પ્રયાસને સફળ કરે એજ ભાવના !

મગલ ભગવાન્ વીરો,
મગલ ગૌતમપ્રભુ ।
મગલ સ્થુલભદ્રા દ્યા ,
જૈનો ધર્મોઽસ્તુ મગલ ॥

વિહાર કર્યો, રસ્તામાં તબિઅત વધારે બગડી, વિ૦ સં૦ ૧૯૮૯નું ચોમાસું રાધનપુર માદગીમાં પસાર થયું અને પુનઃ એમ લાદ આવ્યા આ ઉરક્ષત (પ્લુરસી)ની બીમારી બે વર્ષ રહી, દેશી ઓષધોપચાર કરતા દેવ ગુરૂ કૃપાયે આરામ થયો અને પુનઃ આરા ધનામાં ઉદ્યમ વધાયો મસ્કૃત બે બુકો પૂર્ણ કરી, પ્રાકૃત ભાષાના બોધ માટે હૈમી શબ્દાનુશાસનનો આઠમો અધ્યાય કંઠસ્થ કર્યો, અને શક્તિ પ્રમાણે કાવ્યોનો અભ્યાસ કરી સંસ્કૃત પ્રાકૃત વાચનની શક્તિ પ્રગટ કરી તે દરમિયાન જ્ઞાનાચારની આરાધના માટે પ્રસંગે પ્રસંગે અનુક્રમે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર, શ્રી કલ્પસૂત્ર અને ઉદયે શ્રી મહાનિશિથસૂત્રનું યોગોદ્વહન પણ કરી લીધુ વિ૦ સં૦ ૧૯૯૫માં શ્રી

વર્ધમાન તપની આરાધનાનો આરંભ કરી ધીમે ધીમે વિ૦ સં૦ ૨૦૦૭ સુધીમાં ચોપન ઓળી સુધી આગળ વધ્યા આટલા ગાળામાં ઉદ્યમી સ્વભાવને યોગે સંસ્કૃત-પ્રાકૃત વાંચન કરતાજ રહ્યા સાધુ જીવનમાં ઉપયોગી દશ વૈકાલિકની હારિભદ્રીયા ટીકા, ધર્મસંગ્રહ ભાગ રજો, તથા નંદી-અનુયોગ દ્વાર વિગેરે પણ તેઓએ શક્તિ અનુસાર ધારી લીધા, તેમની પ્રકૃતિ પ્રમાણે સંયમમાં ઉપકારક જે જે જણાય તેની નોંધ કરી હતા, એવી નોટ એમની દફતર પોથી હતી તેમાં ભિન્ન ભિન્ન અનેક વિષયો સ્વ-હસ્તે તેમણે લખી લીધા હતા, અને તેનું મનન વારંવાર કરતા એ દરમિઆન

શ્રી [illegible] યાના, વાવ,

[illegible] ચોર, થ [illegible]

વર્ધમાન તપની આરાધનાનો પ્રારંભ
કરી ધીમે ધીમે વિ૦ સ૦ ૨૦૦૭ સુધીમા
ચોપન ઓળી સુધી આગળ વધ્યા
આટલા ગાળામા ઉદ્યમી સ્વભાવને યોગે
સસ્કૃત-પ્રાકૃત વાચન કરતાજ રહ્યા સાધુ
જીવનમા ઉપયોગી દશવૈકાલિકની હારિભદ્રીયા
ટીકા, ધર્મસગ્રહ ભાગ રજો, તથા નદી-
અનુયોગ દ્વાર વિગેરે પણ તેઓએ શક્તિ
અનુસાર ધારી લીધા, તેમની પ્રકૃતિ પ્રમાણે
સયમમા ઉપકારક જે જે જણાય તેની નોટ
કરી લેતા, એવી નોટ એમની દફતર પોથી
હતી તેમા ભિન્ન ભિન્ન અનેક વિષયો સ્વ-
હસ્તે તેમણે લખી લીધા હતા, અને તેનુ
મનન વારવાર કરતા એ દરમિયાન તેઓએ
શ્રી ગિરિરાજની ૯૯ યાત્રા, વાવ, ભરાડ,
ભોરલ, ભીલડીયાજી, સાચોર, શખેશ્વરજીની

થયો પૂર્ણ પાચ વર્ષ ઉપરાતની આ શરી
રની બીમારીમા તેઓની આત્મશુદ્ધિ વધતી
ગઈ જ્ઞાનીઓએ કહેલુ સાચુ છે કે યોગ્ય
આત્માને અશુભ કર્મનો ઉદય પણ આત્માના
આરોગ્ય માટે બને છે ઉપચારો કરવા છતા
અશાતા વેદનીયનુ જોર વધતુજ ગયુ, સ૦
૨૦૦૮ ના પર્યુષણથી તેઓને હાજાપટેલની
પોળે સવેગીના ઉપાશ્રયે રાખ્યા, શરૂમા દેશી
ઉપચારો ચાલુ કર્યા, અને આખરે ડાક્ટરી
સારવાર ચાલુ કરવી પડી ડૅાક્ટરની સલાહ
સ૦ ૨૦૦૯મા હવાફેર માટે સાત મહિના
સાબરમતી રાખ્યા, ત્યા ડૅા૦ છોટુભાઈ કોડ
વાળા તથા શ્રીસઘે પણ સુદર સારવાર કરી
હતી એમ અમદાવાદમા હાજાપટેલની પોળના
શ્રાવક સઘ ઉપરાત બીજા પણ ઘણા શ્રાવકોની
મમતા ભરી ગુપ્ત અને પ્રગટ સેવા એટલી

સુંદર હતી કે જે એક સારા શ્રીમંત પણ આટલા લાંબા ગાળા સુધી ભાગ્યે જ પામી શકે કેવળ સાધુતાના રાગથી આકર્પાએલા પુણ્યાત્માઓની છેક સુધીની એ સારવાર તેઓને આશ્વાસન જ નહિ, શ્રાવક ધર્મની અનુમોદના કરાવતી હતી તેમાં પણ વર્તમાનમાં શ્રી વીશાશ્રીમાળીજ્ઞાતીય દવાખાના ના ડૉ રમેશ ધીમંતરાય પંડિત એમ બી બી એસ અને ડૉ કે એમ રાવ, બી–એ, એમ બી બી એસ ટી ડી ડી મદ્રાસ અમદાવાદ મ્યુનિસિપલ ટી બી ક્લીનિક, એ બન્નેએ પોતે અજૈન છતાં જૈન સાધુ પ્રત્યે પૂર્ણ માન ધરાવી પાંચ વર્ષ સુધી સેંકડો વખત હાજર રહી પ્રસન્ન ચિત્તે જે સેવા કરી તે જૈનોને પણ આશ્ચર્ય પમાડે તેવી હતી

વૈયાવચ્ચ કે નિઃસ્વાર્થસેવા શાસનપ્રભા

વનોનુ એવુ અનુપમ અગ છે કે-તેને જોઈ ભવ્ય પ્રાણિઓ ધર્મની ધૂમ ધૂમ અનુમોદના -પ્રશસા કરે છે, અજ્ઞાન અને જડ જેવા જીવો પણ એથી સુલભબોધી બની જાય છે, અને અનેક જીવો આત્મામા ધર્મના બીજો વાવી મોક્ષ સન્મુખ બને છે એમ વૈયાવચ્ચ માત્ર કરનારને જ નહિ, બીજા પણ અનેકાનેક આત્માઓને ઉપકારક છે, માટે જ તેને શાસ્ત્રકારોએ અપ્રતિપાતી ગુણ કહ્યો છે તપ કરવા, પરિષહો સહેવા, ઉપસર્ગો વેઠવા, લોચ વિગેરેના કષ્ટો ખમવા, વિગેરે તેવુ કઠીન નથી કે જેવી વૈયાવચ્ચ કઠીન છે વૈયાવચ્ચ એક અતિ દુષ્કર તપ છે, કારણ કે-વૈયાવચ્ચ કરનારને પોતાના માનનો ચૂરો કરવો પડે છે, વિનીત ભાવ અને નમ્રતા કેળવવાં પડે છે પોતાની અનુકૂળતાને કે જરૂરીઆતને ગૌણ કરવી પડે

સ્વાધ્યાય મ યનની નિર્મળતાનુ પરમ
ઔષધ છે એમ સમજી તેઓ યથાશક્ય
સ્વાધ્યાયમા રક્ત રહેતા, છ વા પાચ વર્ષોની
ચાલુ માદગીમા તેઓએ ભાવદેવસૂરિજીકૃત
શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, સવેગનો રગ પુરનાર
શ્રી સમરાદિત્ય સક્ષેપ અને તે પછી થોડો
ભાગ સમરાઇચ્ચ કહાનો પણ વાચ્યો હતો
સિરિસિરિવાલ કહા, વૈરાગ્યશતક વિગેરે
સસ્કૃત-પ્રાકૃત વાચન કર્યા બાદ માનસિક
શક્તિ પૂરવા માડી ત્યારે છેવા વર્ષમા
ગુજરાતી ભાષાના અધ્યાત્મક પદ્મ, શાલિભદ્ર
ચરિત્ર, યોગશાસ્ત્રના મૂળ શ્લોકો, પૂ૦ પ૦
મહારાજશ્રી ભદ્રકરવિજયજી ગણીએ લખેલુ
'નમસ્કાર મહામત્ર' વિગેરે મનન પૂર્વક
વાચ્યુ હતુ છેલ્લા પદર દિવસમા સરળ-
વાચન તરીકે શ્રી ચદરાજાનો રાસ અને

अतो व्यवहित ? ??? सदा
?-विधान, मुहुः मुहुः संक्लेशे त्रिका-
लमसंक्लेशे ।

ચતુઃશરણ ચ દુષ્કૃત ગર્હા સુકૃતાનુમોદના-

પ કરવા (શરણાં) દુષ્કૃતોની (ભાવ પૂર્વક ગુરુ સાક્ષીએ) નિંદા, અને ત્રીજું શુભ યોગનું સુકૃત–અર્થાત્ અનુમોદના

માટે શુભ ભાવની ઇચ્છાવાળાએ એ ઉપાયો હંમેશા પ્રણિધાન (નિશ્ચય પૂર્વક સેવન) કરવું જોઇએ તે પણ જ્યારે (આત્મામાં રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ) સંક્લેશ હોય ત્યારે વારવાર અને સંક્લેશના અભાવે દિવસમાં ત્રણવાર (ત્રિકાળસંધ્યાએ) કરવું જોઇએ

(તેમાં ચાર શરણાંના સ્વીકારનો વિધિ કહે છે-)૧-ઐશ્વર્યાદિ પ્રતિવાળા (ભગવંત),

भावबीअ ति सुप्पणिहाण, सम्म पढिअव्व, (सम्म) साअव्व सम्म अणुपेहिअव्व ति।

णमो णमिअणमिआण परमगुरुवीअरागाण णमो सेसणमुक्कारारिहाण, जयउ सव्वण्णु

રૂપ નિયાણા) વિના અશુભ ભાવોને (મન-વચન-કાયાની અકુશળ પ્રવૃત્તિને) રોકીને (અર્થાત્ શુભભાવ પૂર્વક) આ સૂત્ર શુભ ભાવોનુ (મોક્ષનુ) બીજ હોવાથી તેને ઉત્તમ પ્રણિધાન (એકાગ્રતા અને તેમા કહેલા ભાવોના કર્તવ્યના નિશ્ચય) પૂર્વક સમ્યક્ (શાન્ત ચિત્તે) ભણવુ જોઈએ, સમ્યક્ સાભળવુ જોઈએ અને એના અર્થની અનુપ્રેક્ષા (પદાર્થ વિચારણા) કરવી જોઈએ

હવે છેલ્લે ઉપસહાર કરતા મગળ કરે છે કે–



'નિત્ય પ્રણિધાન-પ્રાર્થના'

[આ પ્રણિધાન મુનિ કપૂરવિજયજી દરરોજ કરતા. ઉઠતે ને રાત્રે દિવસમાં અનેક વાર કરતા]

स्वकृतं दुष्कृतं गर्हन् सुकृतं चानुमोदयन् ।
नाथ! त्वच्चरणौ यामि शरणं शरणोज्झित ॥१॥

मनोवाक्कायजे पापे कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूया-दपुनः क्रिययान्वितम् ॥२॥

यत्कृतं सुकृतं किंचि-द्रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥३॥

सर्वेषामर्हदादीनां यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं सर्वं तेषां महात्मनाम् ॥४॥

त्वां त्वत्फलभूतान् सिद्धां-स्त्वच्छासनरतान् मुनीन्
त्वच्छासनं च शरणं प्रतिपन्नोऽस्मि भावतः ॥५॥

क्षमयामि सर्वान्सत्त्वान् सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥६॥



નુસારી પણ જે જે કઇ સુકૃત કર્યું હોય તે સર્વનુ હુ અનુમોદન કરૂ છુ (૩)

શ્રીઅરિહ ત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય, અને સાધુના ક્રમશ અરિહ તપણુ, સિદ્ધ પણુ, પ ચાચારપાલન, સૂ ાપ્રદાન, સાધુક્રિયા, તથા શ્રાવક-શ્રાવિકા-દેવ-દેવી કે બીજા પણુ માર્ગાનુસારી વિગેરે જેઓમા જે જે દેશવિરતિ, સમ્યક્ત્વ, કે દાન-શીલ આદિ ગુણો છે તે તે મહાત્માઓના તે તે સર્વગુણોની હુ અનુ મોદના કરૂ છુ (૪)

હે ભગવ ત! તમારૂ, તમારા (જીવનના) ફળસ્વરૂપ સિદ્ધોનુ, તમારા શાસનના રાગી (આરાધક) સાધુઓનુ અને તમારા શાસનનુ (આજ્ઞાનુ) હુ ભાવથી શરણુ સ્વીકારૂ છુ (૫)

હે દેવાધિદેવ! હુ આપની સાક્ષીએ સર્વ

કરી શકતો નથી, એ મારી નિર્બળતા છે તેને દૂર કરવા આપને હું પુન પુન પ્રાર્થના કરૂ છુ] [૨]

હે મારા પ્રભુ! સમજવા છતા રાગરૂપી મહાનર્પના ઝેરથી બેભાન બનેલા મે જે જે દુષ્ટ કર્મો કર્યા છે તે સ્વમુખે કહ્યા પણ જાય તેમ નથી મારા એ ગુપ્ત પાપીપણાને ધિક્કાર થાઓ! આપ તો એ બધુ જાણો જ છો, આપની સમક્ષ હુ તેને ધિક્કારૂ છુ [૩]

હે ભગવત! ક્ષણ રાગી ક્ષણ વિરાગી, ક્ષણ ક્રોધી અને ક્ષણમા ક્ષમાવત, એમ મોહ વિગેરે અતરગ શત્રુઓએ જેમ મદારી માકડાને નચાવે તેમ મને વારવાર નાચ કરાવ્યો છે આપનુ સમ્યગ્ દર્શન પામવા છતા મન-વચન અને કાયાની દુષ્ટ ચેષ્ટાઓ

હે નાથ! હું ઘણા જન્મમાં અનેક ઘણા ઘણા દેવોનું પૂજન, આરાધન [illegible] કર્યું કિંતુ કશું નહિ મેં [illegible] [illegible] કે સમર્થ ઉપકારી (ભગવાન [illegible] [illegible] છો, તેથી હું તમારા ચરણમાં [illegible] છું. હે સ્વામી! હે નાથ! મારું રક્ષણ કરો મને તારો! મને બચાવો! (૭)

આ મારા પ્રભુ [illegible] મને [illegible] ભૂમિકાઓ પરે [illegible] આપની [illegible] કર્યો છે.] હવે [illegible] [illegible] [illegible] મારા દીન ઉપર દયા નહિ કરો તો હું [illegible] [illegible] (૮)

હે મારા પરમ આધાર [illegible] દયાળુ પ્રભુ! તમે મારી સ્થિતિના પૂર્ણ જાણનારા છો,

૮૧

પ્રભુ પાસે ભવોભવની આલોચના

पादपीठ लुठन्मूर्ध्नि मयि पादरजस्तव ।
चिरं निवसतां पुण्य-परमाणुकणोपमम् ॥१॥
मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।
अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात्क्षाल्यतां मलम् ॥२॥
त्वत्पुरो लुठनैर्भूयान्, मद्भालस्य तपस्विनः ।
कृताऽसेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ॥३॥
मम त्वद्दर्शनोद्भूता-श्चिरं रोमाञ्चकण्टकाः ।
तुदन्तां चिरकालोत्था-मसद्दर्शनवासनाम् ॥४॥
त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु निपीतासु सुधास्विव ।
मदीयैर्लोचनाम्भोजैः, प्राप्यतां निर्निमेषता ॥५॥
त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।
त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ॥६॥
कुण्ठाऽपि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।
ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ॥७॥

હું આપને નહિ નમવાથી દરેક
અનેક જન્મ અજ્ઞાનથી ઘેરાયો હતો
તેથી હું જેમ તેમ કરીને આપને ભાવું
છું તેમ નક્કિ નહીં પણ (થઇ) ગયો!
અરિહંત આપના ચરણને નમવાથી મેં મેળવ્યું
મિથ્યાત્વ દૂર કરવા આપને નમવાથી નાશ
થયો. [૩]

દર્શન જ્ઞાન ચારિત્ર ધ્યાન પ્રભુના
આનંદથી ભરેલા મારા ગુણ ઉપર ગ
ઢેલ કર્યા કે જેથી અનંતકાળથી મારી
મિથ્યાત્વની સહિત વાસનાઓ નાશ પામે
આપના ધ્યાનના દર્શનના આવેશથી મારી
મિથ્યાત્વની વાસનાઓ દૂર અવશ્ય નાશ
પામશે, માટે મને વારંવાર દર્શના દેવાધિ
મહારાજ થજો. [૪]

હે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] મેં [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહીં
[illegible] [illegible] [illegible] [illegible] માટે
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] વિના
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી-
[illegible] થી આ માન મિથ્યાત્વાદિ [illegible] કર્મોની
[illegible] [illegible] [illegible] (૭)

હે [illegible] ! હું આ [illegible] [illegible] [illegible],
[illegible] [illegible] [illegible] [illegible] આપની
ઈચ્છાને આધીન [illegible] [illegible] અને આપનો

...न्न भूरि च मन्त्रादि परद्रव्यमदत्तकम् ।
...ति ग्राह्यत्वे लोभात् तन्नाथ त्वत्समक्षकम् ॥१२॥
...तिर्यङ् मानुष दिव्यं मैथुन मनसा पुरा ।
...त्वत्समक्ष विविधमा... ॥१३॥

તથા હે દેવાધિદેવ! થોડુ કે ઘણુ જે કોઈ વખતે પણ મંત્રાદિકો વડે વશ થઈ પારકું દ્રવ્ય લીધું હોય (લોભથી અન્યાય-અનીતિ કરી લોકોને ઠગ્યા હોય, થાપણ ઓળવી હોય વગેરે જે જે પારકુ ધન લીધુ હોય) તે સર્વને હું વોસિરાવુ છુ (૧૨)

તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવોમા પૂર્વે મેં તે તે સંબંધી જે જે મૈથુન મનથી-વચનથી કે કાયાથી સેવ્યા હોય, તે સર્વને પણ હે ભગવત! આપની સાક્ષીએ મન, વચન અને કાયાથી વોસિરાવુ છુ (૧૩)

इन्द्रियैर्विवशीभूय च आहारमथुर्विधम् ।
मन्रात्रावुपभोजितं निन्दामि ममपि त्रिधा ।१६।
क्रोधा माना माया लोभा रागा द्वेष पुनिंगणा ।
पैशुन्यं परनिर्वादः अभ्याख्यानमसत्यं च यत् ।।१७।।

હોય તે સર્વને ર ચોસિરાવુ છુ । ભગવન્!
હું આજથી તેનો સબંધ અને મમ૧
છાડુ છુ (૧૫)

રમના વિગેરે ઇન્દ્રિઓને વશ બનીને
અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ એ ચાર
આહારમાથી કોઈ પણ આહાર રાત્રે ખાધો
હોય તેને પણ મન-વચન-કાયાથી નિન્દુ
છુ, એ પાપ છે, તેને ધિક્કાર છે (૧૬)

વળી કે મારા ... મોહને
વશ પડેલા કે
...રાગ, દ્વેષ,

धर्मानुष्ठानविषये, यद्वीर्यं गोपितं मया।
वीर्याचारातिचारं च निन्दामि तमपि त्रिधा ॥२०॥
इमा दुष्कर्म मया या रक्ष्या हानि दितार।
यस्यापकारि विशिष्टा मम क्षाम्यन्तु
सार्ज़ितं ।२१।

મોટી ભૂલ કરી છે એમ હું માનું છું (૧૯)

છતી શક્તિએ પણ ધર્મ કાર્યોમાં મે નિબળતા બતાવીને જે વીર્યને છુપાવ્યું તે વીર્યાચારના અતિચારને પણ હે પ્રભો! હું મન-વચન-કાયાથી નિંદુ છુ, પાપકાર્યોમાં એ બળને ગુમાવી મારા ઉપકારી કાર્યો નહિ કરવાથી મે ઘણી મોટી ભૂલ કરી છે (૨૦)

૩-સર્વ જીવોને ક્ષમાપના

હે ભગવંત! હવે હું સર્વ જીવોને આપની સાક્ષીએ ખમાવું છું મે જે જે

मया स्थापिता दुःखे, मयि क्षाम्यन्तु ते मम ।
क्षाम्यहमपि तेषां, मैत्री सर्वेषु मे सदा ॥२४॥

રે કોઈ શત્રુ મિત્ર કે સ્વજન-પરજન નથી, સાથ જીવો મારે સમાન છે (૨૨)

તિર્યંચપણામા તિર્યંચો, નારકપણામા રકો, દેવપણામા દેવો અને મનુષ્યપણામા નુષ્યો, (૨૩) એમ ચારે ગતિમા જે જે વોને મે દુ ખમા નાખ્યા તે સવ મને મા કરો ! હુ પણ તે સર્વને ખમાવુ છુ, રે સર્વ જીવો સાથે મૈત્રી છે (કોઈ મારો ુ નથી, શત્રુઓ તો મારા જ અ તર ગ દુષણો , તેના વશ બનેલા મે બીજાઓને દુષ્ટ ાનીને દુ ખી કર્યા તે મારા અજ્ઞાન અને ાહનુ દુષ્ટ ફળ છે આજથી હુ એ ભૂલને મજીને તજુ છુ હે ભગવત ! આપના

मांसास्थिरमांसाऽस्थि-यकृन्निरण्मूत्रपूरिते।
पुण्यशुचिनिलये, मूर्छा कुर्वीत क: सुधी ॥३०॥
अवश्यायात्तदेहमेव, मान्त यमचिरादपि।
लालित पालित वापि, विनश्वरमिद वपु ॥३१॥

चरबी, लोही, मांस, हाडका, यकृत (पित्ताशय) અને મળ-મૂત્રથી ભરેલા અશુચિના ભંડાર તુ ય શરીરમા કોણ બુદ્ધિમાન મૂર્છા કરે ? શરીર તો ઉપરથી સુંદર ચામડાથી મઢેલી જીવોને મુંઝવવા માટે ઘડેલી મોહની દાસી છે (૩૦)

લાલન-પાલન કરવા છતા અવશ્ય નાશ પામનારૂ આ શરીર તો હે જીવ ! ભાડાના ઘરની જેમ અવશ્ય ક્ષણમા છોડવુ પડે તેવુ છે, તેમા મોહ કરી કોણ પોતાનો સ્વાર્થ ગુમાવે ? (૩૧)

उपशमनमात्मा मातृप्रम मना मम ।
यस्मात्प्रतिपद्य यारे निर्मान्यपिन य ॥४०॥
मार्गं मागमृगयि वादमाम्नगर मला ।
यत्रार्पित विनियम त्रिविधस्पृगृतात्मनम ॥४१॥

શ્રુતજ્ઞાનનું સતત દાન કરે (ભણાવે) છે તે શ્રેષ્ઠ ભગવાન શ્રીઉપાધ્યાય ભગવંતોને મારો ભાવપૂર્વક નમસ્કાર થાઓ (૩)

જેઓ અઢાર હજાર શીલાંગરથના વહન કરનારા શીલવ્રતધારી કહેવાય છે, અને જેઓ લાખો ભવેના બાંધેલા આકરા પાપોને નાશ કરી રહ્યા છે તે સર્વકાળવર્તી સર્વક્ષેત્રના સાધુ ભગવંતોને મારો નમસ્કાર થાઓ (૪૦)

આ પંચપરમેષ્ઠિ ભગવંતો એજ જગતના સાચા ઉપકારક છે, એજ તત્ત્વભૂત છે, એજ મોહની કારની કનરમાં કચરાતા જીવોને

આરાધના કરીને પોતના આત્માનો ઉદ્ધાર કર્યો, તેમ હે જીવ! તું પણ આ આરાધના ના કરી તારૂં કલ્યાણ સાધ! આ શ્રીજિનદાસની અનુભવ સેવા છે, ભવોભવ સુખી કરનારૂં આત્માનું ભાનુ છે, એ તારૂં સાચું ધન છે, માટે એનું આરાધન કરી મોહ અને અજ્ઞાનના બંધનોને નાશ કરી જીવનને સફળ બનાવ!

આ મહાન લાભકારી આરાધનાને ભણવાથી, સાંભળવાથી અને અનુમોદવાથી અનંત કાળના સંચિત આઠ કર્મો પણ તૂટી જાય છે માટે સહુ કલ્યાણકામી આત્માઓ એ આરાધનાને પામી આત્મકલ્યાણને સાધે એજ શુભ ભાવના!

ઇતિ શ્રી ૫ વિધ આરાધના સમાપ્ત

साह्या च व्यथा कर्म-द्विपब्रजयचमूनिभा ।
इति ध्यात्वाथ सत्त्वाढ्य, कायोत्सर्ग कुरुष्व भो ॥८॥

શા માટે દીન બની બીજી ઓષધાદિની આશાઓ કરવી જોઈએ ? એમાનુ કોઈ ત્હારી રક્ષા કરે તેમ નથી, તારૂ સમક્તિપૂર્વકનુ આત્મભાન તને અત્યારે સહાય કરે તેમ છે, તેને તુ ભૂલીશ નહિ ! (૭)

આ પીડા તો કર્મરૂપ શત્રુને જીતવા માટે સેના સરખી છે, ત્હારો વિજય કરાવનારી છે, માટે સહન કરવા યોગ્ય છે, એમ વિચારીને સત્ત્વ કેળવીને હે જીવ ! તુ શરીર ઉપરની મૂર્છા ઉઠાવી લે, કાયાને વોસિરાવી દે ! (૮)

(જયાનંદ ચરિત્ર)

સુખી થઇશ તને શાણાને કેટલુ સમજાવવુ ? બસ, બસ, શ્રી જિનશાસન ત્હારો હાથ ઝાલીને તને પાર ઉતારશે એવુ કહ્યુ માન, ભવોભવ એ નહિ મળે, આ ભવમા એનો અનાદર કરવાથી પરભવે તુ વચિત રહીશ

આ બધી મન-વચન અને કાયાની દુષ્ટ પ્રવૃત્તિ કરાવનારા કષાયો, વિષયો, યોગો, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ અને આર્ત-રૌદ્રધ્યાન, એ ત્હારા અભ્યતર શત્રુઓ છે એને વશ થએલો જીવ ક્યાંયે કાળમા સુખી થઈ શકતો નથી

૮-કર્મ બધમાથી કેમ બચાય ?

ઉપરના કર્મ બધના કારણોને રોકવાથી કર્મ બધાતા અટકે માટે તેને સવર કહેવાય છે તેના દ્રવ્ય અને ભાવ બે પ્રકારો છે, જે

કેમકે જીવનમાંથી એ પાપને દૂર કરવાના આ અમૂલ્ય ઉપાયોનો આદર કર ! બીજી ગતિઓમાં તને આ સમજવાનું ક્યાંથી મળશે ? આનાથી તું આ ભવમાં પણ સુખી થઈશ, અને પરભવના સુખોની તો વાત કયા શબ્દોમાં કહું ? અગણિત અખંડ સુખ આપનારૂં સુંદર જીવન અને સામગ્રી ત્યાં વિના પ્રયત્ને મળશે

૯–બાંધેલા કર્મો શી રીતે છૂટે ?

સંસારરૂપી વૃક્ષના બીજભૂત કર્મો જેનાથી છૂટે તે નિર્જરા કહેવાય છે તેના સકામ અને અકામ બે ભેદ છે, મુનિઓને સકામ નિર્જરા અને બીજાઓને અકામ નિર્જરા હોય છે જેમ વૃક્ષના ફળને પરાલ વિગેરે ઢાંકીને ગરમ ઉપાયોથી પકાવાય છે અને ઝાડ ઉપર સ્વયં પણ પાકે છે, તેમ કર્મ ખપાવવાના ધ્યેયથી વિવિધ પરિષહો-ઉપસર્ગો સહીને કે તપ

શ્રી પુન્ય પ્રકાશનુ સ્તવન

દુહા

સિદ્ધિદાયક સદા, ચોવીસે જિનરાય,
ગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમુ પાય ૧
ભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર,
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર ૨
એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ,
ભવિક જીવના હિત ભણી, પુછે ગૌતમસ્વામ ૩
મુક્તિ મારગ આરાધિએ, કહો કિણ પરે અરિહંત,
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત ૪
[1]અતિચાર આલોઇએ, [2]વ્રત ધરીએ ગુરૂસાખ,
[3]જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ ૫
[4]વિધિશુ વળી વોસિરાવીએ, પાપસ્થાન અઢાર,
[5]ચાર શરણ નિત્ય અનુસરો, [6]નિંદો દુરિતાચાર ૬

વિણુઝ તે। ઉવેખ્યો રે-પ્રા૦ સ૦ ૭
ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયુ
જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ,
મિચ્છામિ દુક્કડ તેહ રે-પ્રાણી ચારિત્ર લ્યો
ચિત્ત આણી, વીર વદે એમ વાણી રે-પ્રા૦ ચા૦૮
પચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે
પ્રવચન માય, સાધુ તણે ધરમે પરમાદે,
અશુદ્ધ વચન મન કાય રે-પ્રા૦ ચા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક-પોસહમા મન વાળી,
જે જયણા પૂર્વક એ આઠે, પ્રવચન માય ન
પાળી રે-પ્રા૦ ચા૦ ૧૦
ઈત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડહોળ્યુ
જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભવ,
મિચ્છામિ દુક્કડ તેહ રે-પ્રા૦ ચા૦ ૧૧
બારે ભેદે તપ નવિ કીધો, છતે જોગે નિજ

શક્તે, ધર્મે મન વચ કાયા વીરજ, ન
ફોરવીયુ ભક્તે રે-પ્રા૦ ચા૦ ૧

તપ વીરજ આચાર એણી પેરે, વિવિ
વિરાધ્યા જેહ, આ ભવ પરભવ વળી રે ભવોભ
મિચ્છામિ દુક્કડ તેહ રે-પ્રા૦ ચા૦ ૧

વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર
આલોઇએ, વીરજિણેસર વયણ સુણીને,
પાપ મેલ સવિ ધોઇએ રે-પ્રા૦ ચા૦ ૧૪

ઢાલ-બીજી

(પામી સુગુરુ પસાય-એ દેશી)

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ,
એ પાચે થાવર કહ્યાએ, કરી કરસણ આરંભ
ખેત્ર જે ખેડીયા કુવા તળાવ ખણાવીયાએ૦ ૧
ઘર આરંભ અનેક, ટાકા ભોંયરા,
મેડી માળ ચણાવીઆએ, લીંપણ ગુંપણ કાજ,

વહીયમનોસવે, તે મુજ મિચ્છામિ દુક્કડ એ૦ ૭
પૂરી ચરમીયા કીડા, ગાડર ગંડોલા, ઈયળ
પોરા ને અલશીયાએ, વાળા જળો ચૂડેલ,
વિચલિત રસતણા, વળી અથાણાં પ્રમુખનાએ૦ ૮
એમ બેઈન્દ્રિય જીવ, જે મે દુહવ્યા, તે
મુજ મિચ્છામિ દુક્કડ એ, ઉધેહી જૂ લીખ,
માકડ મંકોડા, ચાચડ કીડી કુંથુઆએ૦ ૯
ગદ્ધહિઆ ધીમેલ, કાનખજૂરીયા,
ગીંગોડા ધનેરીયાએ, એમ તેઇન્દ્રિય જીવ,
જે મે દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડ એ ૧૦
માખી મચ્છર ડાંસ, મસા પતંગીયા,
કંસારી કોલિયાવડાએ, ઢીંકુણ વીંછૂ તીડ,
ભમરાભમરીઓ, કોતા બગ ખડમાંકડીએ૦ ૧૧
એમ ચૌરિન્દ્રિય જીવ, જે મે દુહવ્યા, તે
મુજ મિચ્છામિ દુક્કડ એ, જળમા નાખી જાળ,

જળચર દુહવ્યા, લ ગા મગ મ તાપીયાએ૦ ૧૨
પીડયા પ ખી જી ા, પાડી પાસમા,
પોપટ ઘાલ્યા પાંજરેએ, એમ પ ચેંદ્રિય જીવ,
જે મે દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડ એ૦૧૩

ઢાલ-ત્રીજી

(આણી વાણી દિનકારીજી-એ દેશી)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય,
કૂડ કરી ધન પારકાજી, લીધા જેહ અદત્ત રે
જિનજી ! મિચ્છામિ દુક્કડ આજ, તુમ સાખે
મહારાજ રે-જિનજી, દેઈ સારૂં કાજ રે-
જિનજી, મિચ્છામિ દુક્કડ આજ ૧

દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યા રે જેહ,
વિષયારસલ પટપણેજી, ઘણુ વિડંબ્યો દેહ રે-
જિનજી મિચ્છામિ૦ ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવ મેલી આય,

જે જિહાંની તે તિહાં રહી, કોઈ ન આવી સાથ રે-
જિનજી મિચ્છા મિ૦ ૩

રયણી ભોજન જે કર્યાં, કીધાં ભક્ષ અભક્ષ,
રસના રસની લાલચે, પાપ કર્યાં પ્રત્યક્ષ રે-
જિનજી મિચ્છા મિ૦ ૪

વ્રત લેઈ વિસારિયાં, વળી ભાંગ્યાં પચ્ચક્ખાણ,
કપટ હેતુ કિરિયા કરી, કીધાં આપ વખાણ રે
જિનજી મિચ્છામિ૦ ૫

ત્રણ ઢાળ આઠે દુહે, આલોયા અતિચાર,
શિવગતિ આરાધન તણો, એ પહેલો અધિકાર રે
જિનજી મિચ્છામિ ૬

ઢાળ-ચોથી

(સાહેલડીની-દેશી)

પંચ મહાવ્રત આદરો સાહેલડી રે, અથવા
લ્યો વ્રત બાર તો, યથાશક્તિ વ્રત આદરી

પણ તૃપ્તિ ન પામ્યો, જીવ ટાલચીયો રંક,
દુલ્લહો એ વળી વળી, અણુસણુનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ

ધન્ય ધન્નો શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણુસણ આરાધી, પામ્યા ભવનો પાર,
શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો એ નવમો અધિકાર

દસમે અધિકારે, મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ-ફલ સહકાર,
એહ જપતા જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર

જનમાતર જાતા, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર,
એ નવપદ સરીખો, મંત્ર ન કોસ સાર,
ઈહ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર

કરવા અમ ઉપકાર, જયો જિન વીરજી એ ૧
મે અપરાધ કર્યાં ઘણા એ,કહેતા ન લહુ
પાર તો, તુમ ચરણે આવ્યા ભણી એ,
જો તારે તો તાર, જયો૦ ૨
આશ કરીને આવીયો એ, તુમ ચરણે
મહારાજ તો, આવ્યા ને ઉવેખશો એ,
તો કેમ રહેશે લાજ? જયો૦ ૩
કરમ અલુજણ આકરા એ, જનમ મરણ
જજાળ તો, હુ છુ એહથી ઉભગો એ,
છોડવ દેવ! દયાલ જયો૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠા દુઃખ
દંદોલ તો, તુઠયો જિન ચોવીસમો એ,
પ્રગટયા પુણ્ય કલ્લોલ જયો૦ ૫
ભવો ભવ વિનય તુમારડો એ, ભાવ ભક્તિ
તુમ પાય તો, દેવ! દયા કરી દીજીએ એ,
બોધિબીજ સુપસાય જયો૦ ૬

— કળશ —

તરણ તારણ સુગતિ કારણ, દુખ
વારણ જગ જયો, શ્રી વીર જિનવર
ણ ગુણના, અધિક મન ઉત્કટ થયો ૧
વિજયદેવસૂરિંદ પટ્ટધર, તીરથ જગમ
ણી જગે, તપગચ્છપતિ શ્રીવિજયપ્રભસૂરિ,
સૂરિ તેજે ઝગમગે ૨
ી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય
સુરગુરુ સમો, તસ શિષ્ય વાચક વિનયવિજયે,
શુણ્યો જિન ચોવીસમો ૩
ગયસત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર
ચોમાસ એ, વિજય દશમી વિજય કારણ,
કીયો ગુણ અભ્યાસ એ ૪
નરભવ-આરાધન સિદ્ધિ સાધન, સુકૃતલીલ
વિલાસએ, નિર્જરા હેતે સ્તવન રચિયું,
નામે પુણ્યપ્રકાશએ ૫

તે વિણુ જનમારો વહી ગયો, નહિ કાગળ
સમાચાર રે, નહિ કોઇ કોઇનો સસાર રે,
સ્વારથીયો પરિવાર રે, માતા મરૂદેવી ગાર રે,
પહોચ્યા મોક્ષ મોઝાર રે સહુજાન દી૦ ૭
માત પિતા સુત બાધવા, અધિકો રાગ વિમાર રે,
નારી અસારી રે ચિત્તમા, વ છે વિષય ગમાર રે,
જુઓ સૂરિકાતા જે નાર રે, વિષ દેતી ભરતાર,
નૃપ જિન ધર્મ આધાર રે, સજ્જન
નિવાર રે સહુજાન

હસી હસી દેતા રે તાલીયો, રાચ્યા
તે નર અ તે માટી થયા, લોક ચણે
ધડતા પાત્ર કુભાર રે, એહવુ જાણી
છોડ્યા વિષય વિકાર રે, ધન્ય તેહનો

થાવચ્ચા સુત શિવવર્યો, વળી
ધિક ધિક વિષયા રે જીવને,

રસાલ રે, જેહની મોહ જ જાલ રે,
ઘર રમે કેવલ બાલ રે, ધન્ય કરકંડૂ ભૂપાલ રે
સહજાનંદી૦ ૧૦

શ્રી શુભ વિજય સુગુરૂ લહી, ધર્મ રયણ
ધરે છેક રે, વીર વચન રસ શેલડી,
ચાખે ચતુર વિવેક રે, ન ગમે તે નર ભેક રે,
ધરતા ધર્મની ટેક રે, ભવજલ તરીયા અનેક ર
સહજાનંદી૦ ૧૧

આપ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમા રે, અવધુ સદા મગનમે
રહેના, જગત જીવ હે કરમાધીના, અચરિજ
કછુઅ ન લીના આપ૦ ૧

તુ નહિ કેરા કોઇ નહિ તેરા, કયા કરે મેરા
મેરા, તેરા હૈ સો તેરી પાસે અવર
સબહિ અનેરા—આપ સ્વભાવ૦ ૨

વપુ વિનાશી તુ અવિનાશી, અબ હૈ ઇનકા

વિરાગી, બહુ સગ જબ દૂર નિકામી, તબ
તુમ શિવકા વાસી–આપ૦ ૩

રાગ ને રીગ દોય ખવીસા, એ તુમ
દુઃખકા દીસા, જબ તુમ ઉનકુ દૂર કરીસા,
તબ તુમ જગકા ઈસા–આપ૦ ૪

પરકી આશા સદા નિરાશા, એ હૈ જગ જન
પાસા, તે કાટનકુ કરો અભ્યાસા, લહો સદા
સુખ વાસા–આપ૦ ૫

કબહિક કાજી કબહિક પાજી, કબહિક હુઆ
અપભ્રાજી, કબહિક કીર્તિ જગમે ગાજી, સબ
પુદ્ગલકી બાજી–આપ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન
મનોહારી, કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ
વરે શિવનારી–આપ૦ ૭

વૈરાગ્યની સજ્ઝાય

ઉંચા તે મંદિર માળીયા, સોડ તાણીને

સ્નો, કાઢો કાગ રે એને મહુ કહે, જાણે
જ ભ્યો જ ન્હોતો-એક રે દિવસ એવો
આવશે, મન મળોજી સાલે, (એ આકણી) ૧
મેત્રી મળ્યા સવિ કારમા, તેનું કાઇ નવિ
ચાલે-એક રે૦ ૨
સાવ સોનાના સાકળા, પહેરણુ નવનવા
વાધા, ધોળુ વસ્ત્ર એના કર્મનુ, તે તો
શોધવા લાગ્યા-એક રે૦ ૩
ચરૂ કડાઇયા અતિ ઘણા, બીજાનુ નહિ લેખુ,
ખોખરી હાંડી એના કર્મની, તે તો
આગળ દેખુ-એક રે૦ ૪
કોના છોરૂ કોના વાછરૂ, કોના માયને બાપ,
અતકાળે જવુ જીવને એકલુ, સાથે પુણ્ય
ને પાપ-એક રે૦ ૫
સગી તે નારી એની કામિની, ઉભી ટગમગ

૩-જૈન શાસનના આરાધકો

૧ નમસ્કાર મહામત્ર યાને ભિલ્લ ભિલ્લડી

પુષ્કરાર્દ્ધદ્વીપના ભરતમા સિદ્ધાવટ નામનુ ગામ છે, ત્યા સુનત નામના એક આચાર્ય ચોમાસુ રહ્યા અને યોગ્ય મુનિઓને મહિનાના, કોઇને બે મહિનાના, કોઇને ત્રણ મહિનાના તો કોઇને ચારે મહિનાના ઉપવાસ ઉચ્ચરાવ્યા તેમાના એક 'દમસાર' નામના મુનિ ગુરૂ આજ્ઞા મેળવીને ગામ બહાર એક ગુફામા ચોમાસુ રહ્યા ત્યા આમ તેમ ભમતુ એક ભિલ્લ-ભિલ્લડીનુ યુગલ આવી ચડ્યુ મુનિને જોતા જ બન્નેને ખૂબ સદ્ભાવ થયો અને એથી ક્ષણમા તેમની પાપબુદ્ધિ નાશ પામી મુનિએ પણ બન્નેને યોગ્ય જાણી શ્રીપચપરમેષ્ઠિ નમસ્કાર મહામત્ર આપ્યો

અને બન્ને સરળ ભાવે તે મ ત્રને ગણ
લાગ્યા મુનિએ પણ એ મહામ ત્રનુ ત્રિકા
ધ્યાન કરવા સમજાવ્યુ અને ચોમાસુ પૂ
થતા વિહાર કરી ગયા

આ દ પતી મુનિના ઉપકારને યાદ કરત
દરરોજ એ નવકાર મહામ ત્રનુ ધ્યાન કરત
રહ્યા અને તેના પ્રભાવે યોગ્ય સમયે સમાધિ
પૂર્વક મરણ પામ્યા

રાજા રાજસિંહ અને રાણી રત્નવતી

આ બાજુ જમ્બૂદ્વીપના ભરતમા મણિ
મ દિર નામનુ નગર છે ત્યા રાજમૃગાંક
નામે રાજા અને તેની વિજયા નામે રાણી
હતી ઉપર કહ્યો તે ભિલ્લનો જીવ નમસ્કાર
મહામ ત્ના પ્રભાવે વિજયાની કુખિમા અવતર્યો,
ગર્ભકાળ પૂર્ણ થતા જન્મેલા પુત્રનો રાજાએ
જન્મોત્સવ કરી રાજસિંહ નામ રાખ્યુ.

ઉદ્યિાગી રાજસિહ અ૯પ મહેનતે પુરૂષની મ્હોત્તેર કળાઓમા પ્રવીણુ થયો, તેને સમાન વય-ગુણોવાળા સુમતિ નામના મ ત્રિપુત્રની સાથ ગાઢ મૈત્રી થઈ અને અનુક્રમે બન્ને યૌવનવયે પહોચ્યા

એકદા બન્ને મિત્રો નગર બહાર ઘોડા ઓને ખેલાવી એક વૃક્ષતળે બેઠા, ત્યા એક વટેમાર્ગુ નીકળ્યો, તેને રાજસિંહે પૂછ્યુ ભાઇ! ક્યાથી આવો છો? કયા જવુ છે? અને કંઈ આશ્ચર્યભૂત જાણુવા યોગ્ય હોય તો જણુાવો જવાબમા વટેમાર્ગુ નમસ્કાર કરીને બો યો-પદ્મપુરથી આવુ છુ અને શ્રી પુડરીક ગણુધરાદિ અનત આત્માઓની સિદ્ધિથી પવિત્ર બનેલા શ્રી શત્રુજય ગિરિરાજની યાત્રાએ જાઉ છુ એક આશ્ચર્ય જેયુ છે તે સાંભળો!

'જે રત્નવતીનો પૂર્વ ભવનો પતિ ભિલ્લ હશે તેને મારી પુત્રી પરણાવીશ ' એથી દૂર દૂરથી અનેક રાજપુત્રો આવીને કહેવા લાગ્યા કે 'હું પૂર્વ ભવમા ભિલ્લ હતો અને રત્નવતી મારી સ્ત્રી હતી' એમા કોઈ સાચો ન ઠર્યો, બધા ય રત્નવતીને પરણવાના લોભે અસત્ય બોલતા અને રત્નવતી પૂછતી કે 'પૂર્વે શુ સુકૃત કરવાથી તમે આ ભવમા આટલી સમૃદ્ધિ પામ્યા' ત્યારે નિરુત્તર થઈ આબરૂ ગુમાવી નીચે મોઢે પાછા ફરતા એથી 'પુરૂષો બધા જુઠ બોલનારા હોય છે' એમ લાગવાથી રત્નવતીને પુરૂષ માત્ર પ્રત્યે દ્વેષ થઈ ગયો અને હવે તે કોઈ પુરૂષને મળવા માગતી નથી માત્ર સ્ત્રીઓની સાથે જ રહે છે અને આત્મકલ્યાણ કરે છે તમે પુરૂષરત્ન દેખાઓ છો, તે સ્ત્રીરત્ન છે કદાચ તમારા ઉભયનો

યોગ મળે તો વિધાતાનો પ્રયત્ન સફળ થાય

મુસાફરની વાતથી સ તુષ્ટ થએલા કુમારે પોતાના શરીરના આભરણો ભેટ આપી વિદાય કર્યો અને પોતે રાજમ દિરે ગયા પછી રત્ન વતીને મળવાની ચિ તામા પડ્યો

મિત્ર સુમતિ પાસે તેણે દેશાટનની સ મતિ માગી સુમતિ એ વાતમા મ મત થયો અને પોતાનાથી બને તેટલી સહાય કરવાનુ પણ કહ્યુ બન્ને જણા રાત્રિના સમયે ન ગર બહાર નીકળી પડયા અને દૂર એક અરણ્યમા પહોચ્યા ત્યા કોઈના કરૂણુ રૂદનનો સ્વર સાભળી પર ગજુ કુમાર તુર્તજ તરવાર લઈ તે દિશામા ચાલ્યો, ત્યા તો એક રાક્ષસ એક પુરૂષને કાખમા દબાવી પોતાની સામે આવતા જોયો કુમારે દયાથી એ પુરૂષને છોડી દેવા રાક્ષસને કહ્યુ ત્યારે રાક્ષસે કહ્યુ કે હુ સાત દિવસનો

કહ્યુ -બીજુ ન થાય તો પણ જ્યારે તુ કોઇ ભયકર આપત્તિમા ફસાય ત્યારે મહામત્ર શ્રી નવકારનુ સ્મરણ કરજે, એથી ત્હારી આપત્તિ નાશ થશે શ્રદ્ધા વિના પણ પિતાના આગ્રહથી પુત્રે તે વાત સ્વીકારી અને શેઠ સમાધિથી મરીને દેવ થયા

દારૂડીઆઓ જુગારીઓ વિગેરેની સોબ તથી શિવ પિતાની સર્વ સપત્તિ ગુમાવી બેઠો અને નિસ્તેજ બની ગએલા તેને સ્વજન સબધીઓ વિગેરેએ છોડી દીધો સર્વત્ર અપમાનિત થએલા શિવને એક દિવસે દીન-વદને બેઠેલો જોઇને એક ધૂર્ત પરિવ્રાજકે જાણે ખૂબ દયાળુ હોય તેવો દેખાવ કરી તેને કહ્યુ કે-જો તુ મ્હારૂ કહ્યુ માને તો લક્ષ્મી ત્હારી દાસી બની જાય શિવને તો 'ભાવતુ હતુ અને વૈદ્યે કહ્યુ' એની વાત ગમી ગઈ અને

તેના કહેવા પ્રમાણે કરવા કબુલ કર્યું

